ક્રિમીનલ પરચુરણ અરજી નં.૨૭૬/૨૦૨૪

## :: આંક-૧ લગત હુકમ ::

(૧) અરજદારે ધી ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ-૧૨ મુજબ ચડત ભરણપોષણ મેળવવા આ અરજી રજુ કરી સામાવાળા તેમના પતિ પાસેથી ચડત ભરણ પોષણ ની રકમ વસુલ અપાવવા અરજ કરેલ છે.અરજી સાથે અરજદારે ધી ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ-૧૨ મુજબની તેઓની અરજીના કામે થયેલ હુકમની નકલ રજુ કરેલ છે જે વંચાણે લીધેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

| **ક્રિ.પર.અ.નં.** | **અરજીની તારીખ** | **હુકમની તારીખ** | **ભરણપોષણની માસિક મંજુર થયેલ રકમ** |
|---|---|---|---|
| ૦૭/૨૦૨૨ | ૧૪/૦૩/૨૦૨૨ | ૨૭/૦૯/૨૦૨૪ | ૫૦૦૦/- |
| વળતર પેટે કલમ-૨૨ મુજબ | | | ૧૦૦૦૦/- |
| અરજીના ખર્ચે પેટેની રકમ | | | ૨૦૦૦/- |

(૨) અરજદારે ધી ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ-૧૨ મુજબની અરજીના કામે થયેલ ઉપરોકત હુકમ મુજબની ચડત ભરણ પોષણની રકમ અરજદારને ચડયે ચડયા ચુકવી આપવા માટે સામાવાળા બંધાયેલા છે.અરજદારે હાલની અરજીમાં જણાવેલ છે તે મુજબ સામાવાળાએ ઉપરોકત હુકમ મુજબ ચુકવવાની થતી ભરણપોષણની રકમ પૈકી નીચે દર્શાવેલ સમયગાળા સુધીની ચડત ભરણ પોષણની રકમ વસુલ આપેલ નથી અને તે રકમ વસુલ આપવામાં કસુર કરેલ છે.

| **અરજીની તારીખ** | **બાકી રકમનો સમયગાળો** | **બાકી રકમના માસ** | **માસિક રકમ** | **વળતર પેટેની રકમ ( કલમ-૨૨ મુજબ )** | **અરજીના ખર્ચ પેટે** | **કુલ બાકી રકમ** |
|---|---|---|---|---|---|---|
| ૨૫/૧૦/૨૦૨૪ | તા.૧૪/૦૩/૨૦૨૨ થી તા.૧૪/૦૯/૨૦૨૪ | ૩૦ માસ | ૫૦૦૦/- | ૧૦,૦૦૦/- | ૨૦૦૦/- | ૧,૬૨,૦૦૦/- |

(૩) પત્ની, બાળકોનું ભરણ પોષણ કરવું તે નૈતિક સ્વરૂપની જવાબદારી છે, જયારે કોઈ વ્યકિત આ પ્રકારની નૈતિક ફરજ / જવાબદારીનું પાલન કરવામાં બેદરકારી દાખવે, ત્યારે કિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૨૫ તથા ઘરેલું હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમની જોગવાઈ મુજબ ભરણપોષણ ચુકવી આપવા માટે આદેશ કરવામાં આવે છે. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૨૫(૩) અને ધી ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ તે ભરણપોષણની આદેશ મુજબની રકમ વસુલ આપવામાં જયારે કોઈ વ્યક્તિ કસુર કરે ત્યારે અનુસરવાની કાર્યવાહી કરી છે,જે મુજબ રકમ વસુલ આપવામાં જ્યારે પણ કસુર કરવામાં આવે ત્યારે તેવી રકમની વસુલાત દંડની રકમની વસુલાત માટે જે પધ્ધતિ છે તે મુજબ વોરંટ ઈસ્યુ કરીને કરી શકાય છે. કાયદાની જોગવાઈ મુજબ ભરણ પોષણની પ્રથમ રીકવરી માટે કોઈ સમયમર્યાદાનો બધ નડતો નથી તેમજ પ્રથમ અરજી માટે વોરંટ ઈસ્યુ કરવા માટે પણ કોઈ સમયનો બાધ નડતો નથી ત્યારે હાલની અરજીમાં ૩૦ મહિના માટે અરજી કરેલ હોય જેને કાયદાકીય બાધ નડતો નથી.

(૪) રેકર્ડ સૂચવે છે કે,હાલની અરજી સને-૨૦૨૪ના રોજ કરવામાં આવેલ છે અને આ કામે સામાવાળાને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ જે તા.૩૦/૦૧/૨૦૨૫ના રોજ બજેલી અને ત્યારબાદ દોઢ વર્ષ ઉપરાંતથી આ કામના સામાવાળા હાજર રહેલ નથી કે ભરણ પોષણની બાકીની રકમ વસુલ આપેલ નથી.અદાલત ધ્વારા કરવામાં આવેલ હુકમ મુજબ ચડત ભરણ પોષણની રકમ નિયમિત રીતે ચડયે ચડ્યા ધોરણે ચુકવી આપવા બંધાયેલા છે. પોતાની એક નૈતિક જવાબદારી સમજી સામાવાળાએ સામે ચાલીને ભરણપોષણની રકમ અરજદારને ચુકવી આપવી જોઈએ, પરંતુ અરજદારના વિ.વ.શ્રી.એ જણાવે છે તે મુજબ સામાવાળાએ બાકીની રકમ વસુલ આપેલ નથી. અરજીના કામે સામાવાળાને પ્રોસેસ કરવામાં આવેલ, પરંતુ તેમઓ હાજર થયેલ નથી. રેકર્ડ પર છે તે મુજબની રકમ વસુલાત માટે સામાવાળા સામે વોરંટ ઈસ્યુ કરેલ છે અને તેમાં રકમ વસુલ ન થાયે સામાવાળાને પકડીને રજુ કરવા તેવો શેરો કરવામાં આવેલ છે, પરંતુ તે પ્રોસેસ ની ધોરણસર બજવણી શક્ય બનેલ નથી. રેકર્ડ જોતાં સામાવાળા પ્રોસેસ બજવણી ટાળતા હોવાનું નકારી શકાય તેમ નથી. આ પ્રકારની અરજી તે તાત્કાલિક સ્વરૂપની ગણાય અને તેમાં બનતી ત્વરાએ રકમ વસુલ આપવા યોગ્ય કરવામાં આવે તે જરૂરી છે. ભરણપોષણના હુકમ સામે અપીલ/રીવીઝન કરતા તે કામમાં સ્ટે આપવામાં આવેલ છે,તેવી પણ કોઈ રજુઆત સામાવાળાએ પ્રસ્તુત

કરેલ નથી. રેકર્ડ પરની હકીકતો સુચવે છે કે, સામાવાળાએ ભરણ પોષણના હુકમ મુજબની રકમ વસુલ આપવામાં કસુર કરેલ છે. આ તમામ બાબતો સાથે કેસનું કામ ઘણા લાંબા સમયથી પેન્ડીંગ હોવાની બાબત જોતાં સામાવાળાને રકમ ચુકવણીમાં કસુર કરવા બદલ કેદની સજાનો હુકમ ફરમાવવા સિવાય હવે કોર્ટ પાસે અન્ય કોઈ વિકલ્પ નથી.

(૫) સમગ્રપણે જોવામાં આવે તો, સામાવાળાને ભરણ પોષણ ની રકમ વસુલ આપવાની કસુલ બદલ કેદની સજા કરવામાં ના આવે તો રકમ વસુલાત થવાની શકયતા જણાતી નથી. આથી અરજદારની રજુઆત રેકર્ડ મુજબની હોવાનું નોંધી આ અરજીના કામે નીચે મુજબનો ન્યાયિક હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) સામાવાળા **લાલાભાઈ અજમલભાઈ ઠાકોર, રહે.એવરાપુરા (ખેડા), તા.ધાનેરા, જી.બનાસકાંઠા**વાળાનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૧૪૪(૩) અન્વયે તેઓના પત્નીને ચુકવવાની બાકી નીકળતી કુલ-૩૦ માસની ભરણ પોષણ ની રકમ કુલ રૂા.૧,૬૨,૦૦૦/- ( અંકે રૂપિયા એક લાખ બાસઠ હજાર પુરા ) ચુકવવામાં કસુર બદલ "એક માસની કસુર બદલ દિન-૧૦" એ રીતે કુલ-૩૦૦ દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

(૨) વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, સામાવાળા ઉપરોકત રકમ પૈકી જેટલા માસની ચડત ખોરાકીની રકમ જમા કરાવે તેટલી રકમ જમા કરાવે તેટલા માસની સાજ ઉપરોકત સજામાંથી પ્રમાણસર મજરે મળવાપાત્ર છે તથા જો સામાવાળા ભરણ પોષણ ની પુરેપુરી રકમ જમા કરાવે તો તેઓની તુરંત જેલ મુકત કરવાના રહેશે.

(૩) હુકમ મુજબ સામાવાળા સામે નિયમ નમુનાનું વોરંટ ઈસ્યુ કરવું.

(૪) સામાવાળાને સજા વોરંટ ભરી જયુડીશીયલ કસ્ટડીમાં લેવાના થતા હોય પકડવોરંટ ઈસ્યુ કરવું તથા તે સામાવાળા જે વિસ્તારમાં રહેણાંક ધરાવે છે ત્યાંના પોલીસ કમિશ્નરશ્રી/સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસશ્રી મારફત બજવણી માટે મોકલી આપવું.

(૫) પોલીસ કમિશ્નરશ્રી/સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસશ્રીને સુચના કરવામાં આવે છે કે, તેઓએ વ્યક્તિગત રસ લઈ, સામાવાળાની અટક કરી બનતી ત્વરાએ અત્રે રજુ કરવા અને આ સંબંધેનો વિગતવાર રીપોર્ટ અત્રેની કોર્ટને અચુક કરવો.

(૬) ઉપરોકત આદેશનું પાલન એટલે કે કેદ વોરંટની બજવણી ન થઇ શકે તો સંબં ધિત પોલીસ સ્ટેશનના સીનીયર પી.આઇ./પો.સ.ઈ. એ અત્રેની કોર્ટમાં સદરહુ વોરંટની બજવણી માટે લીધેલા પગલા અને તેના પરીણામ અંગેની લેખિતમાં સ્પષ્ટતા કરતો રીપોર્ટ દર માસની ૧ થી ૫ તારીખ સુધીમાં કરવો.

(૭) આ હુકમ મુજબ આ અરજી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૦૮મી, માહે મે, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૮/૦૫/૨૦૨૬

મુ.થરાદ

( આર. કે. જાની )
જયુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ, થરાદ
( જજ કોડ નં.જીજે૦૧૬૫૮ )